**સ્પે. સિવિલ સ્યુટ નં. ૧૧૭/૨૦૦૫**

**આંક-૧ નીચે હુકમ**

વાદી તરફે હાલનો દાવો તા. ૨૯/૦૬/૨૦૦૫ ના રોજ દાખલ કરવામાં આવેલ હતો અને સદરહું દાવા કામે તા.૧૭/૬/૨૦૧૩ ના રોજ મુદા ઘડવામાં આવેલા ત્યારથી દાવો વાદીના પુરાવાના તબકકે ચાલી આવેલો હતો. રોજકામ ધ્યાને લેતાં છેલ્લા ઘણાં વર્ષોથી વાદી કે વાદી તરફે કોઈ હાજર રહેલા ન હતા જેથી અત્રેની અદાલતમાં દાવો ટ્રાન્સફર થયા બાદ વાદીઓને નોટીસ કરવામાં આવેલ હતી જે નોટીસની ધોરણસરની બજવણી વાદીઓને થઈ ગયેલ છે. તેમ છતાં વાદીઓ હાજર રહેલા નથી. આ સંજોગોમાં વાદીને પોતાનો દાવો ચલાવવામાં રસ ન હોય તેવું જણાઈ આવે છે. હાલના ડીઝીટલ એરામાં, કોઈપણ વ્યકિત કોઈપણ જગ્યાએથી પોતાનો દાવાનો તબકકો, દાવાની તારીખ, કોર્ટનું નામ વગેરે વિગતો આંગળીના ટેરવે જાણી શકે છે. તેમ છતાં, વાદી તરફે પોતાના દાવામાં હાજર કે દાવો ચલાવવાની દરકાર લીધેલ નથી. જેથી, વાદીના દાવા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) વાદીનો દાવો ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો.

હુકમ આજરોજ તા. ૨૭ માહે એપ્રિલ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

૨૭/૪/૨૨

**( પટેલ મિતેશચંદ્ર વિનોદકુમાર )**
**સાતમા એડિશનલ સીનીયર સીવીલ જજ**
**અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર,અમદાવાદ**
**GJ01047**

**તા. ૨૭/૦૪/૨૦૨૨**
**સ્થળ : અમદાવાદ**